# ગુજરાતમાં કોરોનાનો ડર ફગાવીને લોકોએ પતંગ પર્વ માણ્યુંઃ આકાશ રંગબેરંગી પતંગોથી છલકાયું

## પતંગની કાતિલ દોરીથી ૧૫૦થી વધુ લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં કેટલાક વર્ષોથી ચાઇનીઝ અને કાતિલ માંજાથી પતંગ ચગાવવાના વધી રહેલા ચલણથી ઉત્તરાયણના તહેવારો દરમિયાન અનેક લોકો ઘાયલ થતા હોય છે જેમાં કેટલાક લોકો જીવ પણ ગુમાવે છે. આ વખતે ઉત્તરાયણના દિવસે ૧૫૦ થી વધુ લોકો કાતિલ દોરીથી ઘાયલ થયા હતા. ઉત્તરાયણના તહેવાર દરમિયાન દોરીના કારણે ગળામાં ઇજા અને અકસ્માતના બનાવો બનતાં હોય છે. બપોર સુધીમાં રાજ્યમાં દોરીના કારણે ઇજાના ૧૫૦ જેટલા બનાવો બની ચૂક્યા હતા. જ્યારે અમદાવાદ શહેરમાં ૪૦થી વધુ લોકો ઘવાયા હતા. જેમાં સિંગરવા નજીક એક યુવકનું દોરીથી ગળું કપાતા શારદાબેન હૉસ્પિટલમાં ખસેડાયો હતો, ભાવનગરમાં પણ એક વૃદ્ધ દોરીથી ઈજાગ્રસ્ત થતા સર ટી હૉસ્પિટલ ખસેડાયા હતા. ઉપરાંત રાજકોટમાં પણ વધુ ચાર દોરી વાગવાના બનાવો બન્યા હતા, જે તમામને ઇજા થતાં ૧૦૮માં સિવિલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આમ રાજકોટમાં અત્યાર સુધીમાં ૧૧ લોકો દોરીથી ઘવાયા હતા. જ્યારે અમદાવાદમાં ચમનપુરા પાસે બાઇક લઈને જતા ૩૨ વર્ષીય વ્યક્તિના ગળામાં દોરી આવતા ઈજાગ્રસ્ત થયા હતા. એરપોર્ટ રોડ તરફ ઈન્દિરાબ્રિજ પાસે પણ બાઇક લઈને જતાં ૫૦ વર્ષીય વ્યક્તિનાં ગળામાં ઇજાગ્રસ્ત થયા હતા. ઉપરાંત શહેરના સુભાષબ્રિજ કેશવનગરમાં રસ્તા પર ચાલતા જતા ૭૬ વર્ષીય મહિલાના ગળામાં દોરી આવી જતાં ઇજા થઇ હતી. અમદાવાદમાં જ ૨૨ બનાવો સામે આવ્યાં હતા.



ગુજરાતમાં ઉત્તરાયણ પર્વના ત્રણ દિવસમાં ચાઈનીઝ સહિતની પતંગની દોરી માણસના માથે તો જોખમ ઊભું કરે જ છે પરંતુ પક્ષીઓની હાલત દયનીય બનાવી દે છે. આ વખતે પણ પતંગબાજી દરમિયાન અનેક પક્ષીઓ દોરીમાં ફસાઈ જતા ઘાયલ થયા હતા. જેની સારવાર માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તબીબી ટીમોને કામે લગાડી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી)





(તસવીરોઃ પ્રવિણ સેદાણી)

અમદાવાદઃ રાજ્યમાં કોરોનાકાળમાં ગત દિવાળીના તહેવારોને ખૂલીને ઉજવણી કરનારાં ગુજરાતીઓએ આજે ઉત્તરાયણના પર્વની પણ કોરોનાનો ગભરાટ ફગાવી દઇને મન ભરીને માણ્યું હતું. અમદાવાદ સહિતના મહાનગરોમાં સવારથી જ મકાનના ધાબે ચડી જઇને લોકોએ પગંતબાજી કરીને આકાશને રંગબેરંગી પતંગથી ભરી દીધું હતું. પતંગબાજીની સાથો સાથ ઊંધિયા જલેબીની જયાફત પણ ઉડાવી હતી. ગુજરાતમાં ગત વર્ષે કોરોના ગાઇડલાઇનને પગલે ઉત્તરાયણની ઉજવણી પ્રમાણમાં ફીક્કી પડી હતી પરંતુ આ વખતે સરકારે પણ તહેવારોની ઉજવણી પર કોઇ મોટા નિયંત્રણો લાદવાનું ટાળ્યું હતું જેથી લોકો મન મૂકીને ધાબાં પર ડીજેના તાલે ઝૂમ્યા હતા તેમજ ઉત્તરાયણે શેરડી, તલ-સિંગ અને ડ્રાયફ્રૂટની ચીક્કી પણ ખાવાની પણ પરંપરા નિભાવી હતી. શુક્રવારે વહેલી સવારે રાજ્યના મોટા ભાગના વિસ્તારો આકાશમાં પતંગો જોવા મળ્યા હતા. નાના સ્પીકરો પર ગીતો વગાડી પતંગોત્સવની મજા માણી હતી. બીજી તરફ ઉત્તરાયણના દિવસે અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી ઊંધિયા જલેબીના સ્ટોર શરૂ થયા હતા. જો કે આ વખતે દર વર્ષની જેમ સ્ટોલો પર લોકોની કતાર જોવા મળી નહોતી. સવારમાં લોકોનો ઉત્સાહ પ્રમાણમાં ઓછો હતો પણ પછીથી પવને સાથ આપતાં લોકો ઉત્સાહમાં આવી ગયા હતા અને ધૂમ મચાવી હતી. દરમિયાન અમદાવાદમાં પવનની ગતિ વધારે હોવાથી પતંગ ચગાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે રાજકોટમાં પ્રમાણસર પવન ફૂંકાતો હોવાથી પતંગ રસિયાઓને મજા પડી ગઈ હતી. મહાનગરોમાં સવારથી ધાબા પતંગરસિયાઓથી ઊભરાઇ ગયા હતા. રંગબેરંગી પતંગો, બલૂનોથી આકાશ છવાઇ ગયું હતું.

## નલિયા ૩.૬ ડિગ્રી સાથે દેશનું ત્રીજા નંબરનું સૌથી ઠંડું મથક

ભુજઃ સરહદી કચ્છ જિલ્લામાં લગભગ છેલ્લા એક પખવાડિયાથી લઘુતમ ઉષ્ણતામાનનો આંક સિંગલ ડિજિટ પર રહેતાં આ એક સૌથી યાદગાર ઠંડો શિયાળો બની રહેવા પામ્યો છે. અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા આજે પણ ૩.૬ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે સમગ્ર દેશમાં ત્રીજા નંબરનું અને રાજ્યમાં પ્રથમ નંબરનું સૌથી ઠંડું મથક બની રહેવા પામ્યું છે. નલિયામાં અને અબડાસા તાલુકાના રણકાંધીના વિસ્તારોમાં હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીર જેવી ઠંડી પડી રહી છે. શુક્રવારે નલિયામાં રાજસ્થાનના ચુરુ, બિકાનેર અને જેસલમેર તેમ જ પંજાબના અમૃતસર અને હિસ્સાર અને રાજધાની દિલ્હી કરતાં પણ વધુ ઠંડી નોંધાઈ છે. ભુજ શહેરમાં આજે લઘુતમ તાપમાનનો પારો ૯.૮ ડિગ્રી સેલ્સિયસ, તો મહાબંદર કંડલામાં ૧૧ ડિગ્રી, જ્યારે ઐતિહાસિક શહેર અંજારમાં ૮.૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો છે.સતત એકધારા ફૂંકાતા રહેલા ઠંડા પવનોને કારણે ખાસ કરીને વયસ્કોને પથારીવશ થવું પડી રહ્યું છે. ઉત્તરાયણનું પર્વ હોવા છતાં ઠંડીના કારણે લોકો ધાબા ઉપર પતંગ ચગાવવા પાંખી હાજરીમાં જોવા મળી રહ્યા હતા.નોંધનીય છે કે ચાલુ શિયાળાની સૌથી વધુ ઠંડી આજે નલિયામાં નોંધાઇ છે.

## કચ્છમાં ચાર દિવસમાં ત્રણ આંચકા

ભુજઃ બે દાયકા અગાઉ આવેલા મહાવિનાશક ધરતીકંપની વરસી નજીકમાં છે અને લોકોના માનસપટ પરની ભયાનક યાદોને સતત જીવંત રાખી રહેલા ધરતીકંપના આંચકાઓનો દોર યથાવત્ રહેવા પામ્યો છે. ચાલુ શિયાળાના સૌથી ઠંડીના ત્રણ દિવસના ટૂંકાગાળામાં કચ્છની ધરા ફરી રિક્ટર સ્કેલ પર ત્રણની તિવ્રતાના આંચકાથી ધ્રૂજી ઊઠી હતી. જો કે આ કંપનની ખૂબ અલ્પ માત્રામાં અનુભૂતિ થવા પામી હતી. ગાંધીનગરની સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરમાંથી મળેલી વિગત અનુસાર ગુરૂવારે વહેલી સવારે ૫:૪૩ કલાકે દુધઈથી ૨૦ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતા કંપનની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ત્રણની અંકિત થઈ હતી. નોંધનીય છે કે સોમવારે પણ દુધઈ નજીક ત્રણની તિવ્રતાનું કંપની અનુભવાયું હતું જયારે બુધવારે બે કલાકના ટૂંકા સમયગાળામાં ૨ અને ૨.૮ની તિવ્રતાના કંપન સિસ્મોગ્રાફી મશીન પર અંકિત થયાં હતાં.

## ઉત્તરાયણે બહેનપણી સાથે ફરવા જવાની પિતાએ ના પાડતાં પુત્રીનો આપઘાત

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારમાં ૧૪ વર્ષની વિદ્યાર્થિનીએ ઘરના રૂમમાં ફાંસો ખાઇને આપઘાત કર્યો હતો. પિતાએ બહેનપણીઓ સાથે ફરવા જવાની ના પાડતાં દીકરીએ આવું અંતિમ પગલું ભર્યું હોવાનું પીડિત પિતાએ કહ્યું હતું. પાંડેસરા વિસ્તારમાં રહેતા રૂપેશ કુસવાહની દીકરી ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી હતી. મકરસંક્રાંતિને લઈ બહેનપણીઓ સાથે ફરવા જવાની જીદ પકડી હતી. એક બાજુ કોરોના સંક્રમણ અને બીજી બાજુ પતંગના દોરાને લઈ કોઈ અનહોની ન થાય એ માટે ઘરમાં જ રહેવા તેના પિતાએ કહ્યું હતું.૧૦ મિનિટ બાદ બાળકોની બૂમાબૂમ થતા ઘરમાં દોડીને ગયા તો દીકરી લટકી રહી હતી.

## ગુજરાતમાં ૯૭.૫૦ ટકા દરદીઓ હોમ આઇસોલેશનથી સારવાર હેઠળઃ ટેસ્ટિંગમાં ૯.૫ ટકા પોઝિટિવિટી રેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાતમાં કોરોનાની બીજી લહેરમાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ વખતે સરકારે કોરોના દરદીઓને તાબડતોબ હૉસ્પિટલે લઇ જવાને બદલે ગંભીર ન હોય તો હોમઆઇસોલેશન હેઠળ સંજીવની રથ શરૂ કરીને તેમને સારવાર આપવાનો નવો અભિગમ અમલમાં મૂકતા ખાસ કરીને લોકોમાં બિનજરૂરી ગભરાટ પણ દૂર થયો છે તેમજ હૉસ્પિટલોમાં કોરોનાના બેડ પણ ખાલી જોવા મળી રહ્યાં છે. રાજ્યમાં કોવિડ ટેસ્ટીંગમાં અંદાજિત ૯.૫ ટકા પૉઝિટિવિટી રેટ છે. ૪૩ હજારથી વધુ એક્ટિવ કેસ હોવા છતાં હૉસ્પિટલાઇઝેશન દર ૨.૫૦ ટકા અને ઑક્સિજનની જરૂરિયાતનો દર ૦.૩૯ જેટલો છે. એટલે કે ૯૭.૫૦ ટકા કોરોના દરદીઓ ઘરે બેઠાં જ સારવાર લઇ રહ્યાં છે. કોવિડ મહામારી સામે નિયંત્રણ મેળવવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ ૧૪ વિષયો સમાવિષ્ટ તબીબી નિષ્ણાંતોની ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. દરેક જિલ્લામાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ એક્ટિવ કર્યા છે. ૧૩૮ ટેસ્ટિંગ લેબ કાર્યરત કરીને ટેસ્ટિંગ ફેસિલિટીને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. આવનારા સમયમાં ૪૦ સબ ડિસ્ટ્રીક્ટ હૉસ્પિટલોમાં પણ ટેસ્ટિંગ લેબ કાર્યરત બનશે.

રાજ્યમાં હોમઆઇસોલેશનમાં રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓની પણ દરકાર કરીને રાજ્ય સરાકર દ્વારા ૬૦૦ જેટલા સંજીવની રથ કાર્યરત કરવામાં આવ્યા છે. જે હોમ આઇસોલેશનમાં સારવાર મેળવી રહેલા દર્દીઓના ઘરે ઘરે જઇને સ્વાસ્થ્ય તપાસ કરે છે. જેનાથી હૉસ્પિટલોમાં બિનજરૂરી ભીડ અને લોકોમાં ગભરાટ પણ દૂર થયા છે. કેન્દ્ર સરકારની ઇ-સંજીવની ટેલીમેડિસીન સેવા અંતર્ગત હોમઆઇસોલેશન અને અન્ય દર્દીઓને ઘરે બેઠા જ નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા કાઉન્સેલિંગ અને વાતચીત કરાવવામાં આવે છે. આ કાઉન્સેલિંગના આધારે તબીબો દ્વારા લખવામાં આવતા ઇ- પ્રિસ્ક્રિપ્શનની દવાઓને પણ હોમ ડિલિવરીથી ઉપલબ્ધ કરાવવાની દિશામાં સરકાર પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારની ૧૧૦૦ ટેલિ મેડિસિન હેલ્પલાઈન અને ૧૦૪ ફિવર હેલ્પલાઈન સેવા અંતર્ગત પણ કોરોનાગ્રસ્ત દર્દીઓ અને અન્ય દર્દીઓને કોવિડની જાણકારી માર્ગદર્શન અને સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

કોવિડની તમામ આકસ્મિક પરિસ્થિતિઓનો સામનો કરવા યુદ્ધના ધોરણે ૯૭,૦૦૦ થી વધુ કોરોના સારવાર માટે ના અલાયદા બેડ ઉપલબ્ધ થઇ શકે તે પ્રકારની વ્યવસ્થા હાથ ધરાઇ છે. જેમાં ૭૦,૦૦૦ ઑકિસજન બેડ અને ૧૫,૦૦૦ ક્રિટિકલ બેડ અને ૮,૦૦૦ વૅન્ટિલેટરી બેડનો સમાવેશ થાય છે. સાથો સાથ પરિસ્થિતિઓમાં યુદ્ધના ધોરણે હોસ્પિટલ શરૂ કરવા રાજ્યની તૈયારીઓ છે. રાજ્યના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૮૪૦ નવા બેડ તૈયાર કરવામાં આવશે. ડિસ્ટ્રિક્ટ અને સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોમાં ૮૭૨ પિડિયાટ્રીક બેડ અને ૯૦૦ આઇ.સી.યુ. બેડમાં વધારો થશે.

## ગુજરાતના ૧૮૦૦ કિ.મી.ના દરિયાકાંઠા માટે માત્ર ૨૨ કોસ્ટલ પોલીસ ચોકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના દરિયાકાંઠાઓ પાસેથી ડ્રગ્ઝનો મોટો જથ્થો પકડાયો હતો. જેના કારણે રાજ્યનો ૧૬૦૦ કિમી લાંબા દરિયાકિનારાની સુરક્ષા માટે માત્ર ૨૨ જ કોસ્ટલ પોલીસ સ્ટેશનના કારણે ફરી એકવાર સુરક્ષાનાં કારણોને લઇને ચર્ચામાં આવ્યો હતો.

લોકસભામાં ગત ૨૩મી માર્ચે એક જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૨ પોલીસ સ્ટેશન છે જ્યારે તામિલનાડુમાં ૧૦૭૬ કિમીના દરિયાકાંઠા માટે ૪૨ કોસ્ટલ પોલીસ સ્ટેશન છે. કેરાલામાં ૧૮, આંધ્રપ્રદેશમાં ૨૧, મહારાષ્ટ્રમાં ૧૯, પ. બંગાળમાં ૧૪ કોસ્ટલ પોલીસ સ્ટેશન છે. સરકારે એવી માહિતી પણ આપી હતી કે ૨૦૧૭થી ૨૦૨૦ સુધી ત્રણ નાણાકીય વર્ષમાં ગુજરાતને કોસ્ટલ સિક્યુરિટી માટે કોઇ ફંડ આપવામાં આવ્યું નથી. રાજ્યમાં કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-૧ માટે ૧૦ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યાં હતાં. બીજા ફેઝમાં ૧૨ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે. માહિતી મુજબ, કુલ ૧૧૦૦ના સ્ટાફની મંજૂરી છે. ૬૦૦ આસપાસ ટાસ્ક કમાન્ડોઝ છે. કોસ્ટલ સિક્યુરિટી માટે એક ડીઆઈજી, એક એસપી અને એક ડીવાયએસપી છે જ્યારે મરીન ટાસ્ક ફોર્સમાં એક ડીઆઈજી, બે એસપી અને આઠ ડીવાયએસપી છે.

## ગુજરાતના કુલ કોરોના કેસમાંથી ૪૪ ટકા કેસ એકલા અમદાવાદમાં જ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નોંધાઇ રહેલા કોરોના કેસમાં સૌથી વધુ અમદાવાદમાં જ નોંધાય છે, કારણ કે અમદાવાદમાં જ ૮૦ લાખથી વધુની વસતિ હોવાથી ગીચતા પણ વધુ છે. છેલ્લા કેટલાક દિવસોથી નવા કેસોમાં અંદાજે ૪૪ ટકા જેટલા કેસો અમદાવાદના છે. શહેરમાં કોરોનાની પહેલી અને બીજી લહેરથી પણ વધુ ઝડપે કોરોના કેસો નોધાઈ રહ્યા છે.

સુત્રોના જણાવ્યા મુજબ અમદાવાદમાં પહેલી લહેરમાં પહેલા ૨૦૦૦૦ કેસ નોંધાતાં ૧૦૦ દિવસનો સમય લાગ્યો હતો. ૧૯ માર્ચથી ૨૬ જૂન દરમિયાન અમદાવાદમાં ૨૦૦૫૮ કેસ નોંધાયા હતા જ્યારે બીજી લહેરમાં પહેલા ૨૦૦૦૦ કેસ સુધી પહોંચવાનો આ સમયગાળો અડધો થઈ ગયો અને ૨૨ ફેબ્રુઆરીથી ૧૧ એપ્રિલ સુધી ૪૯ દિવસમાં ૨૦૭૬૨ કેસ નોંધાયા હતા. જ્યારે અત્યારની ત્રીજી લહેરમાં ૨૭ ડિસેમ્બરથી ૧૧ જાન્યુઆરીના ૧૭ દિવસમાં ૨૦૩૭૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. અમદાવાદમાં પહેલી અને બીજી લહેરમાં રાજ્યના કુલ કેસના ૨૫ ટકા કેસ અમદાવાદના હતા, જ્યારે ત્રીજી લહેરમાં પહેલા ૨૦,૦૦૦ કેસ માત્ર ૧૭ દિવસમાં નોંધાયા, આ દરમિયાન રાજ્યના ૪૬૪૧૮ કેસમાં આવ્યા. આમ, રાજ્યના ૪૪ ટકા કેસ અમદાવાદના હતા.

## રાજકોટમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાક્ષરતા દરમાં વધારો થઇ રહ્યો છે, પરંતુ તેની સાથે બેરોજગારી દરમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. ધોરણ ૧૦ કે તેનાથી વધુ અભ્યાસ કરેલા લોકોને રોજગારી નહિ મળતા તેઓને શિક્ષિત બેરોજગારીની વ્યાખ્યામાં સમાવવામાં આવે છે. ગુજરાતનું રાજકોટ એક એવું શહેર છે કે જેનો વિકાસ જેટ ગતિએ થઇ રહ્યો છે, પરંતુ આ વિકાસ રોજગારી ઊભી કરવામાં નિષ્ફળ ગયો હોય તેવું રોજગાર કચેરી દ્વારા મળતી માહિતી પરથી લાગી રહ્યું છે. રાજકોટનો શિક્ષણ દર ૮૦ ટકા કરતા પણ વધુ છે, પરંતુ આ સાથે બેરોજગારી દર પણ વધુ છે. રાજકોટની રોજગાર કચેરીના ડિસેમ્બર, ૨૦૨૧ સુધીના આંક મુજબ કુલ ૧૭,૬૪૪ બેરોજગારે તેમની નોંધ કરાવી છે, જેમાંથી ૧૬,૪૪૫ શિક્ષિત બેરોજગાર અને માત્ર ૧,૧૯૯ અશિક્ષિત બેરોજગાર છે.

રાજકોટમાં ૧૭,૬૪૪ બેરોજગારમાંથી ૧૧,૨૪૯ પુરુષ અને માત્ર ૬,૩૯૫ સ્ત્રી બેરોજગાર છે. સ્ત્રી કરતા પુરુષની વધુ બેરોજગારી પાછળ મુખ્ય કારણ એ છે કે મહિલાઓ ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે વધુ સંકળાયેલી હોવાથી તેઓ નાનું-મોટું કામ કરીને પણ રોજગારી મેળવી લે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર શિક્ષિત બેરોજગારી પાછળ અતિ મહત્ત્વનું અને મૂળભૂત કારણ અત્યારની શિક્ષણ વ્યવસ્થા છે. શાળા, કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડીના જ્ઞાન સાથે પ્રેક્ટિકલ જ્ઞાન ઓછું અપાય છે, તો બીજી બાજુ યુવાનો અભ્યાસ કરી ડિગ્રી મેળવી લે છે પરંતુ રોજગારી માટે યોગ્ય પાત્રતા ધરાવતા નથી.

## યાત્રાધામ અંબાજી મંદિર ૧૫થી ૨૨ જાન્યુઆરી સુધી દર્શનાર્થીઓ માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોના વાઇરસના કેસો વધતા સરકાર દ્વારા પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે. ત્યારે અંબાજી મંદિર ૧૫ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ સુધી દર્શનાર્થીઓ માટે બંધ રાખવાનો ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં કોરોના વાઇરસનું સંક્રમણ વધી રહ્યું છે. છેલ્લાં બે દિવસથી કોરોના વાઇરસના નવા કેસો ૧૦,૦૦૦ની ઉપર નોંધાઈ રહ્યા છે. જેના કારણે વ્યવસ્થાપક સમિતિ દ્વારા અંબાજી મંદિર, ગબ્બર મંદિર, ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગના મંદિરો અને ટ્રસ્ટ હસ્તકના અન્ય મંદિરો ૧૫ જાન્યુઆરી ૨૦૨૨થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ સુધી દર્શનાર્થીઓ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેના કારણે આ તારીખ દરમિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી સવાર અને સાંજની આરતીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

દરમિયાન નર્મદા જિલ્લાના ગોરા ગામ પાસે આવેલા નર્મદા ઘાટ પર અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ થતી હોય છે. આ માટે અનેક ભક્તો એકઠા થતા હોય છે. આવામાં નર્મદા નાયબ નિવાસી કલેક્ટર દ્વારા નર્મદા ઘાટ ખાતે પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. ગોરા ગામ ખાતે બનેલા નર્મદા ઘાટ ખાતે કેટલાક ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવાયો છે. નર્મદા ઘાટ ખાતે કોઈપણ પ્રકારની પૂજા અર્ચના વિધિ કરવી નહિ. ફૂલ કે પૂજાપો અર્પણ કરવા નહિ અને નર્મદા નદીમાં દૂધ પણ નહિ ચઢાવવા આદેશ કર્યો છે. તેમજ જાહેરનામાનો જો ભંગ થશે તો નાયબ પોલીસ અધિક્ષક અને પોલીસ સબ ઇન્સપેક્ટરને ગુનો દાખલ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં ઇમ્યુનિટી બુસ્ટર ચીકી સહિતની દેશી બુસ્ટરની માગ વધીઃ ૧૦ ટકા ભાવ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એક બાજુ શિયાળામાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે પરંતુ લોકો હવે એલોપેથીની એન્ટી બાયોટીક દવાઓને બદલે આયર્વેદિક દવાઓ અને શરીરમાં રોગપ્રતિકાર શક્તિ વધારનારી દેશી બુસ્ટર તરફ વળ્યા છે. તલ- શિંગની ચીકી, તેમજ શિયાળુ પાકની માગ વધી ગઇ છે. જેના કારણે ભાવમાં પણ સરેરાશ દસ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

શિયાળાની ઋતુને આખા વર્ષ માટેની તંદુરસ્તી ભેગી કરવાની સિઝન માનવામાં આવે છે. કાજુ, દાળિયા, તલ, ખજૂરની બનેલી ચીકી હોય તો એનાથી વધુ સ્વાસ્થ્યપ્રદ શું હોઈ શકે ? હાલ કોરોનાકાળમાં ઇમ્યુનિટી વધારવા લોકો મથી રહ્યા છે ત્યારે રાજકોટમાં ઇમ્યુનિટી બૂસ્ટર ચીકીની બોલબાલા જોવા મળી રહી છે, જેમાં ચોકલેટ ચીકી લોકોની ફેવરિટ છે. કોરોનામાં તંદુરસ્ત રહી વાર-તહેવારે ખાવાની વાનગીઓમાં પણ ઇમ્યુનિટી બુસ્ટર વસ્તુઓનો ઉમેરો કરી આરોગ્યની કાળજી લેવામાં પણ લોકો જરા પણ પાછળ રહેવા માગતા નથી. એવામાં ઉત્તરાયણ આવી રહી છે ત્યારે ખાવાની વાનગીઓમાં ઇમ્યુનિટી ચીકીનો ઉમેરો થયો છે. એ સિવાય હાલ બજારમાં અવનવી ચીકીઓથી દુકાનો મઘમઘતી થઈ ગઈ છે.

## સામખિયાળીની બૅન્કમાં ચોરી કરતા ઝડપાયેલા તસ્કર પાસેથી બંદૂક કબજે કરાઈ

ભુજઃ કપરા કોરોના કાળ વચ્ચે સરહદી કચ્છમાં ચોરી-લૂંટની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે ત્યારે પૂર્વના ભચાઉ તાલુકાના સામખિયાળીની એક રાષ્ટ્રીયકૃત બૅન્કમાં ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલા લૂંટારા શખસ પાસેથી તેના દ્વારા અગાઉ ચોરેલી બંદુક પોલીસે કબજે કરી હતી. ઘરફોડ તસ્કરીઓના બનાવોને રોકવા માટે પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવ્યું છે. આ દરમ્યાન સામખિયાળીની બૅન્ક ઓફ બરોડામાં ચોરી કરવા તસ્કર ઘૂસ્યો હોવાની ખબર મળતાં પોલીસ ટુકડીએ બૅન્કને કોર્ડન કરી ચોરી કરવા ઘૂસેલા આરોપી નરેશ ઉર્ફે નેમારામ લખમણરામ માજીરાણા (ભીલ)ને ઝડપી પાડ્યા બાદ પૂછપરછ દરમ્યાન આરોપીએ બૅન્કમાં બીજી વખત ચોરીનો પ્રયાસ કર્યો હોવાની કબૂલાત આપી, અગાઉ બૅન્કમાંથી ચોરેલી ડબલ બાર બોર બંદૂક રાજસ્થાનમાં તેના મકાનની પાછળ આવેલા ડુંગરમાં છુપાવી હોવાનું જણાવતા પોલીસની એક ખાસ ટુકડી રાજસ્થાન જઈને ૩૪ હજારની કિંમતની બંદૂક કબજે કરી હતી.

## અમદાવાદમાં આ વખતે ઊંધિયાં-જલેબીનું વેચાણ ઘટ્યુંઃ ઓર્ડર પણ કેન્સલ થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કોરોનાને કારણે ઊંધિયું-જલેબીનો ટેસ્ટ ફિક્કો પડ્યો હતો. આ વર્ષે વિવિધ વિસ્તારોમાં ઊંધિયું અને જલેબીના સ્ટોલ પર દર વર્ષની જેમ લોકોની કતાર જોવા મળી ન હતી. બીજી તરફ ભાવમાં પણ ખાસ્સો વધારો જોવા મળી રહ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદમાં વહેલી સવારથી પવન સારો હોવાને કારણે લોકોને પતંગ ઉડાવવામાં વધુ રસ પડ્યો હતો. નાના બાળકો મોટા ભાગના ધાબા પર જોવા મળ્યા હતા. ધાબા પર પતંગ ચગાવવાની સાથે સાથે લોકોએ ઊંધિયું જલેબી અને લીલવાની કચોરીનો સ્વાદ માણ્યો હતો. શહેરમાં આ વખતે ઊંધિયું ૨૦૦-૫૦૦ પ્રતિ કિલો, જલેબી ૨૦૦-૬૫૦ પ્રતિકિલો જયારે લીલવાની કચોરી ૧૫૦-૪૦૦ પ્રતિકિલોના ભાવે વેચાઈ હતી. જોકે આ વખતે કોરોનાના કેસ વધુ વધી રહ્યાં છે. કોરોનાના કેસો વધવાના કારણે નિયંત્રણ હોવાથી આ વખતે ઉત્તરાયણના દિવસે વિવિધ વિસ્તારમાં લાગેલા સ્ટોલ પર પણ ઊંધિયું, જલેબી ખરીદવા આવતા લોકોની અવરજવર પણ સામાન્ય જોવા મળી હતી. ગ્રાહકો દ્વારા આ વખતે અગાઉથી નક્કી કરેલ ગેટ-ટુ ગેધર અને પાર્ટીઓ રદ કરતા એડ્વાન્સ ઓર્ડર કેન્સલ થતા વ્યાપારીઓને નુક્સાની સહન કરવાનો વારો આવ્યો હતો.

## માંગરોળમાં કોન્સ્ટેબલ ચાર હજારની લાંચ લેતા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ જિલ્લાના માંગરોળમાં મારામારીના કેસમાં લાંચ પેટે ચાર હજારની માગણી કરનાર કોન્સ્ટેબલને એસીબી દ્વારા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે લાંચની રકમ રિકવર કરી તેની અટકાયત કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ સુરત જિલ્લાના માંગરોળમાં મારામારીના કેસમાં તપાસના કામે ફરિયાદી અને તેના સગાને મામલતદાર સમક્ષ રજૂ કરવાના અવેજ પેટે ચાર હજારની પોલીસ કોસ્ટેબલ પ્રવીણસિંહ ગોહીલ દ્વારા માગણી કરવામાં આવી હતી. એસીબીએ લાંચના છટકાનું આયોજન કરી આરોપી ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી ચાર હજારની લાંચની રકમ સ્વીકારતા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં જ પકડાઇ ગયો હતો. એસીબીએ આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.